સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૧૩ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

માણસની દાનત ચોખ્ખી હોય તો, ભગવાન કોઈ ને કોઈ રૂપમાં મદદ જરૂર કરે છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૭૭ ● તારીખઃ ૦૯.૦૯.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# મુંબઈમાં પીએમ મોદીના કાર્યક્રમ પહેલા નકલી PMO અધિકારીની અટકાયત

## નવસારીમાં દેશના પ્રથમ AI આધારિત 'નમો કમલમ' કાર્યાલયનું ઉદ્દઘાટનઃ BKC સ્થિત નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરમાંથી હથિયાર સાથે ૨ શંકાસ્પદ ઝબ્બેઃ નવસારીમાં ૧૧૦૦ બહેનોએ કળશ અને ડમરુ વાદનથી વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કર્યું

**સમય સંદેશઃ મુંબઈ/વડોદરા**

મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ ખાતે આવેલા નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૬ના ઉદઘાટન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પહેલાં સુરક્ષા એજન્સીઓએ બે શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરી છે.

પકડાયેલા ૨૪ વર્ષીય રોહન પારેખ નામના યુવકે પોતાની ઓળખ પ્રધાનમંત્રી કાર્યાલય (PMO)ના અધિકારી તરીકે આપી હતી. તેની તપાસ દરમિયાન PMOનું નકલી ઓળખપત્ર મળી આવ્યું હતું, જ્યારે તેની સાથે રહેલા બોડીગાર્ડ પાસેથી બંદૂક મળી આવી હતી. સુરક્ષા તપાસમાં કાર્ડ નકલી હોવાનું ખુલ્લું પડતાં મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે બંને શંકાસ્પદોની અટકાયત કરી મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કર્યા છે અને આ



સમગ્ર મામલે ગંભીરતાથી વધુ તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરાના કાર્યક્રમ બાદ નવસારી ખાતે દેશના પ્રથમ AI આધારિત અત્યાધુનિક ભાજપ કાર્યાલય 'નમો કમલમ'નું ઉદઘાટન કર્યું હતું. હેલિપેડ પર વડાપ્રધાનનું પરંપરાગત શૈલીમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧૦૦ બહેનોએ માથે કળશ મૂકીને, ૫૦૦ પુરુષોએ ડમરુ વાદન કરી તેમજ ૩૦ બહેનોએ ઢોલ-ત્રાંસાના તાલ સાથે વાતાવરણ ગુંજવી મૂક્યું હતું. ઉદઘાટન બાદ પીએમ મોદીએ 'નમો કમલમ' પરિસરમાં અદ્યતન મીડિયા સેન્ટર, ડિજિટલ કોલ સેન્ટર અને આધુનિક લાઈબ્રેરીની મુલાકાત લઈ કાર્યપ્રણાલી નિહાળી હતી. નવસારીના તમામ ૩૮૯ ગામોમાં ૪૦૦૦ સ્ક્રીન મારફતે ૧.૧૫

અનુ પાના નં.૨ પર

## માવા બાબતે નવસારીમાં પીએમ મોદીએ સૌરાષ્ટ્રવાસીઓ સાથે કરી હળવી મજાક

નવસારી ખાતે દેશના પ્રથમ AI સુવિધાસજ્જ ભાજપ કાર્યાલય 'નમો કમલમ'ના ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનસભાને સંબોધતી વખતે સૌરાષ્ટ્રના લોકોની માવા-પાન ખાવાની આદત પર હળવી મજાક કરી હતી. તેમણે સ્મિત સાથે જણાવ્યું હતું કે, મને ખબર નથી કે નવસારીમાં માવાની ટેવ આવી કે નહીં, પણ સૌરાષ્ટ્ર વાળા અહીં ઘણાં છે. તેમણે આગળ ટાંક્યું હતું કે લોકો 'ભારત માતા કી જય' બોલે છે અને સાથે જ માવાની પિચકારી મારે છે, જે યોગ્ય નથી. કેન્સરના ડોક્ટરો પણ આ માવાથી દૂર રહેવાની સલાહ આપે છે. આથી, તેમણે ઉપસ્થિત સૌ લોકોને અને ખાસ કરીને સૌરાષ્ટ્રવાસીઓને આરોગ્ય તેમજ સ્વચ્છતા પ્રત્યે જાગૃત બની માવાની આ આદતમાંથી મુક્તિ મેળવવા ટકોર કરી હતી.

## વંથલી-જૂનાગઢ હાઈવે પર શાપુર ચોકડી નજીક ૧૫ ટન રેતી ભરેલું ડમ્પરે પલટી મારીઃ પાર્ક કરેલી કાર પર રેતીનો ઢગલો ખાબક્યો



**સમય સંદેશઃ જુનાગઢ**

વંથલી-જૂનાગઢ હાઈવે પર આવેલા શાપુર ચોકડી નજીક આજે બેફામ ઝડપે દોડી રહેલું અને અંદાજે ૧૫ ટન રેતીથી ભરેલું એક ડમ્પર અચાનક બેકાબૂ બનીને પલટી મારી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. મળતી વિગતો મુજબ, હાઈવે પરથી પસાર થઈ રહેલા ડમ્પર સમયે એક બાઈકચાલક અચાનક રસ્તો ક્રોસ કરી રહ્યો હતો. આ બાઈકચાલકને બચાવવાના ચક્કરમાં ડમ્પરચાલકે પૂરઝડપે ચાલતા વાહનમાં અચાનક બ્રેક મારી દેતાં ડમ્પરનું સંતુલન ખોરવાઈ ગયું હતું અને તે રસ્તા પર જ ઊંધું વળી ગયું હતું.

અકસ્માતની આ ઘટના સમયે રસ્તાની સાઈડમાં એક કાર પાર્ક કરેલી હતી અને તેની નજીક જ બે લોકો ઉભા હતા. બેકાબૂ

અનુ પાના નં.૨ પર

# સોશિયલ મીડિયા પર ફેક પોસ્ટ વિવાદમાં ભાજપના ગૌરવ ભાટિયાનો આક્રમક પલટવાર

## કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ સામે દિલ્હી હાઈકોર્ટમાં ૨ કરોડનો માનહાનિનો દાવો

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને વરિષ્ઠ એડવોકેટ ગૌરવ ભાટિયા અને કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ વચ્ચે સોશિયલ મીડિયા પર શરૂ થયેલો વિવાદ હવે દેશની અદાલતના દરવાજે પહોંચ્યો છે. ભાજપ નેતા ગૌરવ ભાટિયાએ CJP ના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રંકા સામે સનસનાટીભર્યો રૂ. ૨ કરોડનો માનહાનિનો દાવો ઠોકી દઈને દિલ્હી હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વિવાદિત અને કથિત રીતે ફેક પોસ્ટ શેર કરવા બદલ કાનૂની કાર્યવાહી કરતાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે કાયદાની સીમા રેખા તોડનારાઓને હવે અદાલતમાં જવાબ આપવો પડશે.

આ સમગ્ર વિવાદની શરૂઆત ૫ સપ્ટેમ્બરના રોજ થઈ હતી, જ્યારે CJP નેતા સૌરવ દાસે સોશિયલ મીડિયા પર ગૌરવ ભાટિયાનો ફોટો ધરાવતું એક ગ્રાફિક પોસ્ટ કર્યું હતું. આ ગ્રાફિકમાં ભાટિયાના નામે એક વિવાદિત નિવેદન લખવામાં આવ્યું હતું, જે સ્વતંત્ર ભારદ્વાજ નામના વ્યક્તિ અંગેનું હતું. ત્યારબાદ CJP નેતા આશુતોષ રંકાએ પણ આ જ સામગ્રી શેર કરી હતી. ભાટિયાએ આ ગ્રાફિકને તદ્દન ફેક અને નકલી ગણાવીને બંને નેતાઓને ૨૪ કલાકમાં પોસ્ટ હટાવી બિનશરતી માફી માંગવાનું અલ્ટીમેટમ આપ્યું હતું. દાસે પાછળથી સ્વીકાર્યું હતું કે આ વિવાદિત પોસ્ટ અઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ટેકનોલોજી દ્વારા જનરેટ કરવામાં આવી હોઈ શકે છે.

ભાટિયાના કડક વલણ બાદ CJP નેતા સૌરવ દાસે માત્ર ૮૩ મિનિટમાં જ વિવાદિત પોસ્ટ ડિલીટ કરી દીધી હતી, પરંતુ તેમણે માફી માંગવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. આ બાબતથી નારાજ થઈને ગૌરવ ભાટિયાએ કાનૂની દાવો કરવાનો નિર્ણય કર્યો હતો. ભાટિયાએ જણાવ્યું કે, ''તમે ફેક પ્રચાર ફેલાવીને માત્ર પોસ્ટ ડિલીટ કરીને બચી શકતા નથી. કોઈ સોશિયલ મીડિયા ટ્રાયલ નહીં કે શબ્દોનું યુદ્ધ નહીં, હવે ફક્ત તથ્યો અને કાયદાના શાસન આધારે હાઈકોર્ટમાં જ સત્યનો ફેસલો થશે.'' આ મામલાની સુનાવણી દિલ્હી હાઈકોર્ટમાં હાથ ધરવામાં આવશે.

# SD Pay અને Apna Pay એપ મારફતે ૬૩૪ કરોડનું કૌભાંડઃ રાજ્યભરના ૧.૫ લાખથી વધુ રોકાણકારો સાથે ઠગાઈ કરનાર ૬ આરોપીઓ ઝબ્બે

## અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે SIT રચી આચરેલા મહાકૌભાંડનો કર્યો પર્દાફાશઃ ડમી કંપનીઓ અને ૧૫ બેંક એકાઉન્ટ્સમાંથી કરોડોની હેરાફેરી બહાર આવી

**સમય સંદેશઃ અમરેલી**

સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ્સના માધ્યમથી ટૂંકા સમયમાં અસાધારણ નાણાકીય વળતરની લાલચ આપી રાજ્યભરના ૧.૫ લાખથી વધુ રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરનારી આંતરરાજ્ય ગેંગનો અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે પર્દાફાશ કર્યો છે. SD Pay અને Apna Pay નામની મોબાઈલ એપ્લિકેશન્સ મારફતે આચરવામાં આવેલા અંદાજે રૂ. ૬૩૪ કરોડના જંગી નાણાકીય કૌભાંડમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા કંપનીના ડિરેક્ટર સહિત ૬ મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આરોપીઓએ SD Pay એપ્લિકેશન દ્વારા લોકો




પાસે રૂ. ૧ હજારથી લઈને રૂ. ૫ લાખ સુધીનું રોકાણ કરાવી દૈનિક ૦.૧૫% થી ૦.૩૦% સુધીનું વ્યાજ અને વળતર આપવાની મોટી લોભામણી જાહેરાતો કરી હતી. આ ઉપરાંત, ૧૫ અલગ-અલગ લેયર સુધી ૩% થી ૩૦% સુધીના રેફરલ બોનસની લાલચ આપી લોકોમાં વિશ્વાસ ઊભો કર્યો હતો. પ્લે સ્ટોર પર ૧૦ લાખથી વધુ ડાઉનલોડ ધરાવતી આ એપ દ્વારા આરોપીઓએ પોતાના નેટવર્ક અને રેફરલથી જ અંદાજે દોઢથી પોણા બે લાખ લોકોને જોડીને કરોડો રૂપિયાનું રોકાણ કરાવી લીધું હતું.

આ મામલે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ મથકે BNS, Banning of Unregulated Deposit

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં વરસાદની સ્થિતિ અંગે સાંસદ પૂનમબેન માડમે બેઠક કરીઃપાણી વિતરણ, ઘાસચારા અને જળ વ્યવસ્થાપન મુદ્દે તાત્કાલિક પગલાં લેવા અધિકારીઓને સૂચના

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં ઓછા વરસાદને કારણે ઉભી થયેલી સ્થિતિનો સામનો કરવા અને જરૂરી વ્યવસ્થાઓ ગોઠવવાના હેતુથી સાંસદ પૂનમબેન માડમના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદે જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદના આંકડા, પીવાના અને સિંચાઈના પાણીની ઉપલબ્ધતા તેમજ આગામી આયોજનની વિગતવાર સમીક્ષા કરી હતી. ખાસ કરીને પશુઓ માટે ઘાસચારાની યોગ્ય વ્યવસ્થા, જિલ્લામાં ઉપલબ્ધ ઘાસ ડેપોની સંખ્યા અને વિતરણ




તસવીરઃ હિરેન ગાંધી

પ્રક્રિયા અંગે ગંભીરતાથી ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લામાં પાણી વ્યવસ્થાપન મજબૂત બનાવવા માટે સાંસદે તંત્રને સ્પષ્ટ સૂચના આપતાં જણાવ્યું હતું કે દરેક ઘરને પૂરતું પાણી મળે તે તંત્રની પ્રાથમિકતા હોવી જોઈએ. આ માટે પાણી ચોરી રોકવા, ખરાબ પાઇપલાઇન અને મશીનરીનું ઝડપથી રિપેરિંગ કરવા તેમજ સંબંધિત કચેરીઓમાં જરૂરિયાત મુજબ સ્ટાફ ફાળવવા નિર્દેશ અપાયા હતા. આ ઉપરાંત, જળાશયોમાંથી પાણી છોડતી વખતે ગ્રામજનો અને ખેડૂતોને અગાઉથી જાણ કરીને જ યોગ્ય વિતરણ આયોજન લાગુ કરવા તાકીદ કરાઈ હતી. બેઠક દરમિયાન સ્થાનિક ધારાસભ્યો અને જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલા ચેકડેમ, નવી પાઇપલાઇન અને મશીનરી અંગેના પ્રશ્નો સાંસદે સાંભળ્યા હતા અને અધિકારીઓને તાત્કાલિક નક્કર પગલાં ભરવા સૂચના આપી હતી. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણી, મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કલેકટર પી.બી.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી નિશા સહિતના અગ્રણીઓ અને વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રાવણના અંતિમ સોમવારે શિવાલયોમાં અદ્ભૂત શણગાર





તસવીરઃ હિરેન ગાંધી





જામનગરમાં શ્રાવણ માસના અંતિમ સોમવારે શિવ મંદિરોમાં સવારથી મોડી રાત્રી સુધી પુજા-અર્ચના-દર્શન કરવા માટે ભાવિકોની ભીડ રહી હતી. લોકોએ વિવિધ અભિષેકો કરીને ભોળાનાથની ઉપાસના કરી હતી. શહેરમાં સોમવારે સવારથી કે. વી. રોડ ઉપર આવેલા કાશી વિશ્વનાથ, નાગમતી નદી કાંઠે આવેલા સિધ્ધનાથ અને નાગેશ્વર મહાદેવ, રાજાશાહીના સમયના ભીડ ભંજન મહાદેવ, પીએન માર્ગ ઉપર આવેલા, પ્રતાપેશર મહાદેવ, પંચેશ્વર ટાવર પાસે આવેલા ગૌરી શંકર, વિભાજી શાળા સામે આવેલા નિલકંઠ મહાદેવ, હવાઈ ચોકમાં આવેલા વૈધનાથ મહાદેવ, રંગમતી નદીના કાંઠે આવેલા મેણિકંકેશ્વરના પૌરાણિક શિવ મંદિરોમાં ભાવિકો દર્શનાર્થે ઉમટ્યા હતા. શિવજીને બિલ્વ, દુગ્ધ, જલ અભિષેકો થયા હતા.

# સિટી સી ડિવિઝન પોલીસ દ્વારા જામનગરના શંકરટેકરીમાં સઘન કોમ્બીંગ

**સમય સંદેશઃ જામનગર**

જન્માષ્ટમીના તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ પ્રોહિબિશનના ધંધાર્થીઓ, જાણીતા જુગારીઓ અને ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શખ્સો પર કડક નજર રાખવાના ભાગરૂપે જામનગરના શંકરટેકરી વિસ્તારમાં સીટી-સી ડિવિઝન પોલીસે મોડી સાંજે સ્પેશ્યલ કોમ્બિંગ ડ્રાઇવ હાથ ધરી હતી. જે વેળાએ ૪૩ લિટર દેશી દારૂ સાથે રૂ.૮,૬૦૦નો મુદ્દામાલ જમા સાથે ૬૫ વાહનો ચેક



તસવીરઃ હિરેન ગાંધી





કરી ૧૦ વાહનચાલકો પાસેથી રૂ.૪ હજારનો દંડ વસૂલાયો હતો. શહેરના શંકરટેકરી વિસ્તારમાં વિવિધ સ્થળોએ કોમ્બિંગ દરમિયાન પોલીસે દેશી દારૂના ધંધાર્થીઓના સ્થળે તપાસ કરતાં કુલ ૪૩ લિટર દેશી દારૂ, કિંમત રૂ.૮,૬૦૦નો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે પ્રોહિબિશનના ૪ કેસ, જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) હેઠળ ૨ કેસ તેમજ એમ.વી. એક્ટ કલમ ૧૮૫ હેઠળ ૧ કેસ નોંધ્યો હતો. આ ઉપરાંત પોલીસે

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

### મંદ ગતિનું બજાર !

વૃદ્ધિનું વર્ણન ચોક્કસપણે મજબૂત છે અને ફુગાવો ઘટી રહ્યો છે પરંતુ ડિફ્લેશનનો દર અસમાન અને ધીમો છે. દાસે ગભરાટના કોઈ ચિહ્નો દર્શાવ્યા ન હતા પરંતુ સ્પષ્ટ કર્યું હતું કે ફુગાવો અમારું મુખ્ય લક્ષ્ય છે અને જ્યાં સુધી તે અંકુશમાં ન આવે ત્યાં સુધી રિઝર્વ બેન્ક તેનું વલણ બદલશે નહીં. તે નિશ્ચિત છે કે બદલાતા વૈશ્વિક ચિત્રની આના પર અસર થશે. પરંતુ ચાલુ ખાતાની ખાધ આરામદાયક સ્તરે છે અને ૬૭૫ બિલિયન ડોલરના વિદેશી મુદ્રા ભંડાર અને મજબૂત મેક્રો ઈકોનોમિક આઉટલૂક સાથે, એટલે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. ભલે બાહ્ય પરિબળો નબળા પડી રહ્યા હોય. હાલમાં, મોનેટરી પોલિસી કમિટીએ જણાવ્યું છે કે જ્યાં સુધી હેડલાઈન ફુગાવો લક્ષ્યની નજીક ન રહે ત્યાં સુધી ડિફ્લેશનરી વલણ જાળવી રાખવામાં આવશે. લગભગ આઠ વર્ષ પહેલાં રજૂ કરવામાં આવેલી ફુગાવાના લક્ષ્યાંકની લવચીક પ્રણાલી હેઠળ, ચાર ટકાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો, જેમાં બે ટકાના ઉપર અને નીચે તરફના માર્જિન સાથેની સંભાવનાઓ પણ કલ્પવામાં આવી છે. રિઝર્વ બેંકે પબ્લિક સોર્સ ડિજિટલ લેન્ડિંગ એપ બનાવવાની દરખાસ્ત કરી છે. એકવાર નિયંત્રિત સંસ્થાઓ તેમના ધન્છ વિશે માહિતી આપવાનું શરૂ કરી દે, પછી ગ્રાહકો માટે ગેરકાયદે ધિરાણ આપતી એપ્લિકેશનોને ઓળખવી મુશ્કેલ નહીં હોય. તેણે ધિરાણ માહિતી કેન્દ્રોમાંથી પખવાડિયામાં અથવા તેનાથી પણ ઓછા સમયાંતરે ક્રેડિટ સંબંધિત માહિતી પ્રદાન કરવાની દરખાસ્ત કરી છે. એકવાર આ થઈ જાય પછી, લોન લેનારાઓને લોનની માહિતી ઝડપથી અપડેટ થવાનો ફાયદો થશે. ધિરાણકર્તાઓ જોખમનું વધુ સારી રીતે મૂલ્યાંકન કરી શકશે. હાલમાં આ માહિતી દર મહિને આપવામાં આવે છે. આ અને આવા અન્ય પગલાં ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને મજબૂત બનાવશે. આખરે રિઝર્વ બેંક સતત ચેક ક્લિયર કરવાની યોજના ધરાવે છે. હાલમાં ચેક ક્લિયર થવામાં બે દિવસ જેટલો સમય લાગે છે. જો નવી સિસ્ટમ બનાવવામાં આવશે તો થોડા કલાકોમાં ચેક ક્લિયર થઈ જશે. ગયા વર્ષે નવેમ્બરમાં, વ્યક્તિગત લોનના જોખમના વજન અથવા મૂડીની જરૂરિયાતમાં વધારાને કારણે, ક્રેડિટમાં વૃદ્ધિ ધીમી પડી છે પરંતુ કેટલાક ક્ષેત્રોમાં વ્યક્તિગત લોનમાં વધારો થયો છે. છૂટક ધિરાણ દ્વારા વધતા વપરાશ પર કાળજીપૂર્વક દેખરેખ રાખવાની જરૂર છે. હોમ લોન ટોપ અપ પણ ઝડપથી વધી રહી છે.



## હાલારના હાલહવાલ



# દ્વારકાધીશ મંદિરમાં સંસ્કૃત વર્ગના ભૂલકાઓએ વૈદિક મંત્રોચ્ચાર સાથે મટકી અર્પણ કરી

**સમય સંદેશઃ દ્વારકા**

જામ ખંભાળિયા, તા. ૦૮: યાત્રાધામ દ્વારકામાં ભગવાન શ્રી દ્વારકાધીશજીના ૫૨૫૩ માં જન્મોત્સવની ભક્તિભાવ અને ધાર્મિક પરંપરા સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી દ્વારકા ગુગલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત વ્યવસ્થાપક સમિતિના નેજા હેઠળ સંસ્કૃત વર્ગના નાના ભૂલકાઓ દ્વારા વિશિષ્ટ રીતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.



સંસ્કૃત વર્ગના ૪ થી ૧૬ વર્ષની વયના બાળકોએ પાંચ જૂથમાં વિભાજિત થઈ શ્રી દ્વારકેશ ગ્રુપ, શ્રી રુક્ષ્મણી ગ્રુપ, શ્રી રાધા-કૃષ્ણ ગ્રુપ, શ્રી માધવ ગ્રુપ અને શ્રી બંસીધર ગ્રુપના નામે મટકીઓ તૈયાર કરી હતી. બાળકોએ પોતાની કલ્પનાશક્તિનો ઉપયોગ કરી વોટર કલર, રિબન, આભલા, દોરી, મોરપિચ્છ, ગ્લુ સહિતની સામગ્રીથી મટકીઓને આકર્ષક રીતે શણગારી હતી. જન્માષ્ટમીના પાવન દિવસે આ સુશોભિત મટકીઓને બ્રાહ્મણોના પરંપરાગત પીતાંબર, પાસાબંડી અને વૈષ્ણવી તિલક ધારણ કરેલા ભૂલકાઓ દ્વારા દ્વારકાધીશ જગત મંદિર પરિસરમાં લઈ જવાઈ હતી. સાંજની સંધ્યા આરતી બાદ વૈદિક મંત્રોચ્ચાર અને પુરુષસૂક્તના પઠન સાથે ભગવાન શ્રી દ્વારકાધીશજીના ચરણોમાં મટકીઓ અર્પણ કરવામાં આવી હતી. દ્વારકાધીશજીના પૂજન, અભિષેક અને અર્ચન સહિતના ધાર્મિક પ્રસંગોમાં બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર કરવાની પરંપરા છે.

આ જ પરંપરાને બાળકો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી યોજાયેલા કાર્યક્રમ દરમિયાન ભોગ સામગ્રી ભંડાર પાસે આવેલા મંદિર પરિસરમાં નાના ભૂલકાઓના સમૂહિક મંત્રોચ્ચારથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને અલૌકિક બની ગયું હતું. ઉપસ્થિત ભાવિકો પણ બાળકોના મંત્રોચ્ચારથી મંત્રમુગ્ધ બન્યા હતા. આ સમગ્ર આયોજનમાં ગુગલી જ્ઞાતિ મધ્યસ્થ સભાના સદસ્ય તથા દ્વારકા તીર્થ પુરોહિત મહામંત્રી ભાર્ગવભાઈ ભટ્ટ, સંસ્કૃત વર્ગના આચાર્ય સન્નીભાઈ પુરોહિત, હિતાર્થભાઈ ભટ્ટ, તીર્થ પુરોહિત ધવલભાઈ, સાગરાભાઈ સહિતના આગેવાનો અને કાર્યકરોનો સહયોગ રહ્યો હતો.

સંસ્કૃત વર્ગના આયોજકો દ્વારા કાર્યક્રમના સુચારુ આયોજનમાં સહકાર બદલ દ્વારકા દેવસ્થાન સમિતિ, પોલીસ પ્રશાસન, પૂજારી પરિવાર તેમજ વ્યવસ્થામાં જોડાયેલા તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# દ્વારકાના શિક્ષક સુરેન્દ્ર સોલંકીને રાજ્ય શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન



**સમય સંદેશઃ દ્વારકા**

શિક્ષક દિન નિમિત્તે ગાંધીનગરના ડઉઢ્ઞ ઓડિટોરિયમ ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક સમારોહમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાની શ્રી કોરાડાવાડી પ્રાથમિક શાળાના ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષક સુરેન્દ્રભાઈ લક્ષ્મીદાસ સોલંકીની શૈક્ષણિક કામગીરીની નોંધ લઈ તેમને રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સુરેન્દ્રભાઈ સોલંકીને શાલ, પ્રમાણપત્ર, ડીડી તથા સ્મૃતિચિહ્ન એનાયત કરી તેમની ઉત્કૃષ્ટ સેવાઓને બિરદાવવામાં આવી હતી. પોલીસ બેન્ડ દ્વારા વંદે માતરમ અને રાષ્ટ્રગીતની ધૂન સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી પસંદ થયેલા કુલ ૪૦ શ્રેષ્ઠ શિક્ષકોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા તથા રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ શિક્ષકોને ટેક્નોલોજી આધારિત આધુનિક શિક્ષણની સાથે ભારતીય સંસ્કાર અને મૂલ્યોનું સિંચન કરવા આહ્વાન કર્યું હતું. સમારોહ બાદ પુરસ્કૃત ૪૦ શિક્ષકો અને તેમના પરિવારજનો સાથે વિશેષ સ્નેહમિલન તથા વિચારગોષ્ઠીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીશ્રીઓએ વ્યક્તિગત મુલાકાત કરી સંવાદ સાધ્યો હતો. સુરેન્દ્રભાઈ સોલંકીને આ પ્રતિષ્ઠિત સન્માન મળતાં દ્વારકા તાલુકા સહિત સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિક્ષણ જગતમાં હર્ષ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે.

# ખંભાળિયાના રહેણાંક મકાનમાં આગનું છમકલું



**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના વિનાયક સોસાયટી વિસ્તારમાં આવેલા એક રહેણાંક મકાનના પહેલા માળે શનીવારે બપોરે આશરે બે વાગ્યાના સમયે એકાએક આગ ભભૂતિ ઊઠી હતી. આ અંગેની જાણ સ્થાનિકો દ્વારા ફાયર વિભાગને કરવામાં આવતા ફાયરની ટીમના ઈરસાદ મંધરા અને રવિરાજસિંહ ચુડાસમા તાકીદે ફાયર ફાયટર સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

અહીં રહેલા વૈભવભાઈ મિશ્રા નામના એક વ્યક્તિને આ આગના કારણે ઇજાઓ થતા તેમને તાત્કાલિક ઇમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ આગ ગેસ સિલિન્ડરમાંથી ગેસ લીકેજ થવાના કારણે આ મકાનમાં ગેસમાં ભરાવો થતા સ્પાર્ક થવાના કારણે લાગી હોવાનું જાહેર થયું છે. સદભાગ્યે કોઈ મોટી જાનહાની થવા પામી ન હતી.

# કલ્યાણપુર નજીક કાર અકસ્માતમાં જામનગરના યુવાનનું અપમૃત્યુ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

જામનગરના પાણાખાણ વિસ્તારમાં આવેલી મથુરા સોસાયટી ખાતે રહેતા મનસુખભાઈ ગોકળભાઈ સોનગરા નામના ૪૨ વર્ષના સતવારા વેપારી યુવાન ગત તા. ૫ના રોજ કલ્યાણપુરથી આશરે ૩૦ કિલોમીટર દૂર હરિયાવર ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા

ત્યારે આ માર્ગ પર પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલી જી.જે. ૦૫ આર.એક્સ. ૯૦૨૮ નંબરની એક મોટરકારના ચાલકે તેમને પાછળથી ઠોકર મારતા તેમને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેના કારણે તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવ અંગે કાંતિલાલ મોહનભાઈ સોનગરા (ઉ.વ. ૪૫, રહે. જામનગર)ની ફરિયાદ પરથી કલ્યાણપુર પોલીસે કારના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. કે.પી. ઝાલા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ગોપનાથ દર્શન કર્યા બાદ પરત ફરતા પરિવારને નડયો અકસ્માતઃ એકનું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મોટી ગોપ નજીક ગોપનાથ મહાદેવના દર્શન કરી પરત ફરતી વેળાએ દર્શનાર્થી પરિવારને અકસ્માત નડ્યો હતો. રિક્ષા પલટી જતાં પરિવારની નજર સામે જ વૃદ્ધનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જયારે પુત્ર અને જમાઇ ઇજાગ્રસ્ત બનતા તેઓને હોસ્પિટલ ખસેડાયા છે.

મસીતીયા રોડ દરેડ ખાતે રહેતા જયશ્રીબેન સુનીલભાઇ રાઠોડ અને તેના પરીવારના સભ્યો તહેવાર નિમિત્તે અમરશીભાઇ મંગાભાઇ સાગઠીયા (રહે.દરેડ) ની રિક્ષા લઇને ઘરેથી મોટી ગોપ ગામ નજીક ડુંગર ઉપર આવેલા ગોપનાથ મહાદેવના મંદિરે દર્શન અર્થે ગયા હતા.

દર્શન કરી પરત આવતા હતા ત્યારે તા.૦૫ના રોજ બપોરે ગોપનાથ મહાદેવ મંદીર ડુંગર જતા રસ્તા ઉપર આરોપીએ રીક્ષા બેફીકરાઇથી ચલાવી કાબૂ ગુમાવી દેતા રીક્ષા પલ્ટી ગઇ અને અકસ્માત સર્જાયો હતો. જેમાં રિક્ષામાં સવાર ખીમજીભાઈ મનજીભાઈ ચૌહાણ (ઉં.વ.૬૫) રિક્ષા નીચે દબાઈ જતાં માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. તેમને લાલપુરની સરકારી હોસ્પિટલમાં લઈ જવાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જ્યારે જયશ્રીબેનના પતિ સુનિલભાઈને માથા તથા શરીરે ઈજાઓ થઈ હતી. ફરિયાદીના ભાઈ દિલીપભાઈને ડાબા પગમાં ગંભીર ઈજા થઈ હતી. પરિવારના અન્ય સભ્યોને પણ સામાન્ય ઈજાઓ થઈ હોવાથી ૧૦૮ મારફતે તમામને લાલપુર સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાંથી સુનિલભાઈ અને દિલીપભાઈને વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયશ્રીબેનની ફરિયાદના આધારે પોલીસે રિક્ષા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના દેરાસર રોશનીથી શણગારાયા



જામનગરમાં વસતા જૈન સમાજના લોકોમાં શરૂ થયેલા પર્યુષણ મહાપર્વને લઇ ભારે ઉત્સાહ જોવા મળે છે. શહેરમાં આવેલા વર્ષો જૂના જૈન દેરાસરોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. દેરાસરમાં જૈનમુની દ્વારા પયુર્ષણ નિમિત્તે ખાસ વ્યાખ્યાન પણ શરૂ કરવામાં આવ્યા છે. સવંત્સરી સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# જામનગરના ઠેબા ચોકડી પાસે દુકાનમાં ફ્રીજ સળગ્યું

**સમય સંદેશઃ જામનગર**

જામનગર ફાયર કંટ્રોલ રૂમમાં એક ઈમરજન્સી કોલ મળ્યો હતો કે ઠેબા ચોકડી નજીક લુબીનીનગરમાં આવેલી એક દુકાનના ફ્રિજમાં શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી છે. કોલ મળતાની સાથે જ ફાયર ફાઈટરની ટીમ એક ગાડી સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાયટરોએ ઘટનાસ્થળે પહોંચીને સતર્કતા દાખવી ફાયર ફાઇટિંગ શરૂ કર્યું હતું અને ટૂંક સમયમાં જ આગને વધુ પ્રસરાતા અટલની સંપૂર્ણપણે બુઝાવી દીધી હતી. ફાયર ટીમની ઝડપી કામગીરીના કારણે આસપાસની દુકાનો અને રહેણાંક વિસ્તાર મોટો અકસ્માત થતાં બચી ગયો હતો. આ બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

# ખંભાળિયા નજીક અજાણ્યા વાહનની ઠોકરે આશાસ્પદ યુવાનનું અપમૃત્યુ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના વાડીનાર ગામે રહેતા હુસેન જુનસભાઈ ગંઢાર નામના ૧૯ વર્ષના મુસ્લિમ યુવાન ગત તારીખ ૪ ના રોજ સાંજના સમયે વાડીનાર નજીક આવેલા આઈ.ઓ.સી.એલ. કંપની નજીકથી પોતાના જી.જે. ૩૭ આર. ૭૯૭૦ નંબરના મોટર સાયકલ પર બેસીને નરારા બેટ તરફ જઈ રહ્યા હતા, ત્યારે પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા કોઈ અજાણ્યા વાહનના ચાલકે હુશેનભાઈ ગંઢારના મોટરસાયકલ સાથે અકસ્માત સર્જતા તેમને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક નાસી છૂટ્યો હોવાનું જાહેર થયું છે. આ અકસ્માત અંગે મૃતકના પિતરાઈ ભાઈ કાસમભાઈ ઉમરભાઈ ગંઢારની ફરિયાદ પરથી વાડીનાર મરીન પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ ઈન્ચાર્જ પી.આઈ. સી.આર. રાણાએ હાથ ધરી છે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### જનરેટર ચોરી કર્યા બાદ

(પાના નં. ૪ થી આગળ)

અને અલ્ફાઝ સુલતાનભાઇ મકવાણા (રહે.ચામુંડા પ્લોટ ધ્રોલ તા.ધ્રોલ), તુલશી ઉર્ફે કલ્પેશ ધીરુભાઇ રાઠોડ (રહે.ધ્રોલ-જોડીયા રોડ એસ્સારના પેટ્રોલપંપ પાસે, ધ્રોલ) અને એક કિશોરને પકડી પાડયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી જનરેટરના સ્પેર પાર્ટસ, એક બાઈક, છકડો રીક્ષા, હથોડો, ટોમી, છીણી, વાયર કટીંગ કટર, પાના સહિત રૂ.૭.૪૧ લાખના મુદામાલ સાથે પકડી પાડયા હતા.

### રેતી ભરેલો ટ્રક

(પાના નં. ૩ થી આગળ)

ગેરકાયદેસર રીતે રોયલ્ટી વગર રેતી ભરેલા ટ્રકને કબ્જે કરી, આગળની કાર્યવાહી અર્થે ખાણ-ખનીજ વિભાગને રિપોર્ટ કરવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી અહીંના પી.આઈ. સી.આર. રાણા, એ.એસ.આઈ. હેમતભાઈ નંદાણીયા, હરપાલસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ નટુભા જાડેજા, કાનાભાઈ લુણા, સામતભાઈ ગઢવી અને ભુપેન્દ્રસિંહ જાડેજાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

### પિતા ઉપર હુમલો

(પાના નં. ૩ થી આગળ)

હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં માથામાં પાંચ ટાંકા આવ્યા હતા. આ ઉપરાંત આરોપીઓએ ઇકો કારના કાચમાં લાકડાના ધોકા અને પથ્થર મારી તોડી નાખી રૂ.૩૦ હજારનું નુકસાન કર્યું હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

### સઘન કોમ્બીંગ

(પાના નં. ૧ થી આગળ)

મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા ૨ આરોપીઓ, એમસીઆર હેઠળના ૧૭ શખ્સો, પ્રોહિબિશનના બુટલેગર-ધંધાર્થી તરીકે ઓળખાતા ૪ શખ્સો, જાણીતા જુગારી ૩ તેમજ ટપોરી તરીકે ઓળખાતા ૫ ઈસમોની ચકાસણી કરી હતી. વધુમાં કુલ ૬૫ વાહનોની તપાસ દરમિયાન ડાર્ક ફિલ્મ, ફેન્સી નંબર પ્લેટ, લાઇસન્સ સાથે નહીં રાખવા તેમજ નંબર પ્લેટ વગરના વાહનો સહિતના નિયમભંગ બદલ ૧૦ વાહનચાલકો સામે પાવતી કરી રૂ.૪,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. જ્યારે એમ.વી. એક્ટની કલમ ૨૦૭ હેઠળ ૩ વાહનો ડિટેઇન કરવામાં આવ્યા હતા.

### મુંબઈમાં પીએમ

(પાના નં. ૧ થી આગળ)

લાખથી વધુ લોકોએ આ ઐતિહાસિક ક્ષણનું લાઈવ પ્રસારણ પણ નિહાળ્યું હતું. જનસભાને સંબોધતા પીએમ મોદીએ નવસારીના વિકાસ માટે કાર્યકરોના પ્રયાસો અને પીએમ સ્વનિધિ યોજનાની સફળતાને બિરદાવી હતી. તેમણે હળવી મજાક કરતા સૌરાષ્ટ્રવાસીઓને માવા ખોવાનું છોડી સ્વચ્છતા પ્રત્યે જાગૃત બનવા અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે ભાજપ કાર્યાલય જનસેવા અને દુઃખીયાના દુઃખ દૂર કરવાનું કેન્દ્ર બનશે.

### ડમ્પર પલટી માર્યુંઃ

(પાના નં. ૧ થી આગળ)

બનીને પલટી મારેલું ડમ્પર પોતાની તરફ ધસી આવતું જોઈને બંને વ્યક્તિઓએ સમયસૂચકતા વાપરી ત્વરિત દૂર દોટ મૂકી દીધી હતી. ડમ્પર પલટી મારી જતાં જ તેમાં ભરેલી ૧૫ ટન રેતીનો મોટો જથ્થો પાર્ક કરેલી કાર પર ખાબક્યો હતો. જો બંને લોકો સમયસર ત્યાંથી ખસ્યા ન હોત તો મોટી જાનહાનિ સર્જાઈ હોત, પરંતુ સદનસીબે બંનેનો આબાદ બચાવ થયો હતો.

દરમિયાન, શાપુર ચોકડી પાસે બનેલી આ ઘટનાના સીસીટીવી ફુટેજ પણ સામે આવ્યા છે, જે સોશિયલ મીડિયામાં વાયરલ થતાં અકસ્માતની ગંભીરતા સ્પષ્ટ થઈ રહી છે. હાઈવે પર બેફામ ઝડપે દોડતાં ભારે વાહનોના કારણે અવારનવાર અકસ્માતોનું જોખમ વધી રહ્યું હોવાનો આક્ષેપ કરીને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશોએ ભારે વાહનોની સ્પીડ પર તાત્કાલિક અંકુશ લાવવા અને ટ્રાફિક નિયમોનું કડકપણે પાલન કરાવવા પોલીસ અને તંત્ર સમક્ષ માંગ ઉઠાવી છે.

### ૬૩૪ કરોડનું કૌભાંડ

(પાના નં. ૧ થી આગળ)

Schemes Act, GPID એક્ટ અને IT એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી SITની રચના કરવામાં આવી હતી. કૌભાંડની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરતાં સામે આવ્યું કે આરોપીઓએ રોકાણકારોના નાણાં મેળવવા અને સગેવગે કરવા માટે S.D. Hub (OPC) Pvt. Ltd., Shiv Dharti Communication અને Upay Digi Payment India જેવી ડમી કંપનીઓ ઊભી કરી હતી. આ કંપનીઓના ૧૫ જેટલાં બેંક ખાતાઓમાં રૂ. ૬૩૪ કરોડ જમા થયા હોવાનું સામે આવ્યું છે, જ્યારે આરોપીઓના અંગત ૩૦ થી ૩૫ બેંક ખાતાઓ પણ મળી આવ્યા છે.

SIT દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહીમાં સૂર્યસિંહ રાઠોડ (ગાંધીનગર), આશિષ ગેડિયા (સુરત), ભાવેશ ચૌહાણ (સુરત), નિશી પ્રસાદ (મહેસાણા/બિહાર), સોહિલ મકવાણા (મહેસાણા) અને નિરવકુમાર પટેલ (મહેસાણા)ની અટકાયત કરવામાં આવી છે. NCCRP પોર્ટલ પર તપાસ કરતાં આ ગેંગના ૧૨ બેંક ખાતાઓ સામે દેશભરમાંથી ૮૩ જેટલી સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હોવાનું પણ સામે આવ્યું છે. હાલ SIT દ્વારા આ કૌભાંડમાં સંકળાયેલી વધુ ડમી કંપનીઓ અને બેંક એકાઉન્ટ્સ અંગે ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.

# જામનગરના મેળામાં ૪ દિવસમાં ૫ લાખથી વધુ સહેલાણીઓ ઉમટ્યા, મનપા અને પોલીસ તંત્રનું પ્રશંસનીય આયોજન

## ૪.૨૦ લાખ લિટર પાણી પૂરું પાડવામાં આવ્યુંઃ ડ્રોનથી આકાશી નજર, ખોવાયેલા બાળકોનું વાલીઓ સાથે પુનઃમિલન અને રાત્રિભર સફાઈ ઝુંબેશ વચ્ચે મેળો શાંતિપૂર્ણ રહ્યો













તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના પ્રદર્શન મેદાન ખાતે મહાનગરપાલિકા દ્વારા આયોજિત ૧૧ દિવસીય પરંપરાગત શ્રાવણી લોકમેળાએ સાતમથી દસમ સુધીના ચાર દિવસમાં જ અદ્ભુત જમાવટ કરી હતી. જન્માષ્ટમી સહિતના તહેવારી દિવસોમાં શહેર અને આસપાસના વિસ્તારોમાંથી ૫ લાખથી વધુ લોકોએ મેળાની મુલાકાત લીધી હતી. મેળામાં ઉમટેલી ચિક્કાર ભીડની સુવિધા માટે મહાનગરપાલિકાના વોટરવર્ક્સ વિભાગ દ્વારા ૩ પાણીના પરબ, ખાણી-પીણીના સ્ટોલ અને રાઈડ્સ માટે ૧૦ હજાર લિટર ક્ષમતાવાળા ૪૨ ટેન્કરો મારફતે કુલ ૪.૨૦ લાખ લિટર શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત, રાત્રિના સમયે રોશનીથી ઝગમગતા મેદાનમાં લોકોએ મોડી રાત સુધી રાઈડ્સ, ખરીદી અને ખાણી-પીણીની ભરપૂર મોજ માણી હતી.

લોકમેળા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જિલ્લા પોલીસ વડા ડો. રવિમોહન સૈનીના માર્ગદર્શન હેઠળ ૧૦૦થી વધુ પોલીસ અધિકારીઓ અને જવાનોનો કાફલો તૈનાત રહ્યો હતો. સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા પ્રથમ વખત દિવસે અને રાત્રે નાઈટ વિઝન ડ્રોન કેમેરાથી આકાશી નજર રાખવામાં આવી હતી. પોલીસે હાથ ધરેલી અનોખી પહેલ અંતર્ગત બાળકોના હાથમાં વાલીના મોબાઈલ નંબરવાળી બેન્ડ-પટ્ટી બાંધવામાં આવી હતી, જેના કારણે ભીડમાં વિખૂટા પડી ગયેલા માસૂમ બાળકોને ત્વરિત તેમના પરિવાર સાથે મેળવી શકાયા હતા. આ સિવાય, પોલીસે સતર્કતા દાખવીને મેળામાં ખોવાયેલા ૨૩ મોબાઈલ ફોન અને ૧૮ પર્સ શોધીને તેમના મૂળ માલિકોને પરત સોંપ્યા હતા, તેમજ 'સી ટીમ' દ્વારા મહિલાઓ અને વૃદ્ધોને સતત મદદ પૂરી પાડવામાં આવી હતી.

બીજી તરફ, લોકમેળામાં સ્વચ્છતા જાળવવા માટે જામનગર મહાનગરપાલિકાની કામગીરી પણ અત્યંત પ્રશંસનીય રહી હતી. મેળો પૂર્ણ થયા બાદ દરરોજ રાત્રે ૧૨:૦૦ થી સવારે ૦૮:૦૦ વાગ્યા સુધી ૩૦ જેટલા સફાઈકર્મીઓએ રાત્રિભર સતત મહેનત કરીને સમગ્ર મેળા ગ્રાઉન્ડની સફાઈ કરી હતી, જેથી બીજા દિવસે મુલાકાતીઓને એકદમ સ્વચ્છ વાતાવરણ મળતું હતું. આમ, જામનગરમાં ખીજડા મંદિરની શોભાયાત્રા, રામેશ્વર મંદિરે નંદ મહોત્સવ અને આણદાબાવા આશ્રમના કાર્યક્રમો સહિત લોકમેળામાં પોલીસ તંત્રની સંવેદનશીલતા, ટેકનોલોજીનો ઉપયોગ અને મનપાની ઉત્કૃષ્ટ સેવાઓના સમન્વયથી જન્માષ્ટમીનો તહેવાર ભક્તિ, ઉલ્લાસ અને સુરક્ષિત વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# બેડી વિસ્તારમાં બે જૂથો વચ્ચે સામસામે પથ્થરમારોઃ વીડિયો વાયરલ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી, તપાસનો ધમધમાટ






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના બેડી વિસ્તારમાં આજે બે જૂથો વચ્ચે સામસામે જૂથ અથડામણ અને પથ્થરમારાની ઘટના સામે આવી છે. જૂની અદાવત અથવા નજીવી બાબતે થયેલી તીખી બોલાચાલી બાદ મામલો બિચક્યો હતો અને બંને જૂથો સામસામે આવી ગયા હતા. આ બનાવ દરમિયાન છૂટા હાથે પથ્થરમારો થતાં અચાનક ભારે ઉશ્કેરાટનો માહોલ સર્જાયો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે.

ઘટના સમયે અચાનક શરૂ થયેલા પથ્થરમારાને કારણે સ્થાનિક રહેવાસીઓ અને રસ્તા પરથી પસાર થઈ રહેલા રાહદારીઓમાં ભારે ફફળ પડી હતી. થોડા સમય માટે આખા વિસ્તારમાં નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. બનાવ અંગેની જાણ થતાં જ પોલીસનો કાફલો ત્વરિત ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સ્થિતિ પર કાબૂ મેળવી વિસ્તારમાં શાંતિ પુનઃસ્થાપિત કરી હતી. પોલીસે વાયરલ થયેલા વીડિયોના આધારે પથ્થરમારો કરનારા શખ્સોની ઓળખ મેળવવાની કામગીરી શરૂ કરી છે. આ ઉપરાંત, બનાવમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોનાં સત્તાવાર નિવેદનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરીને આગળની વધુ તપાસ ચલાવી રહી છે.

# નાઘેડી પાસે કાર રેલિંગ સાથે અથડાઈ પલટીઃ જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર સર્જાયો અકસ્માત, ચાલકને ઈજા



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર નાઘેડી નજીક આવેલા લહેર તળાવ પાસે આજે સવારે એક કારનો અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવી રહેલી કારના ચાલકે અચાનક કાબૂ ગુમાવતાં કાર લહેર તળાવ નજીકની રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈને પલટી મારી ગઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કાર રેલિંગ સાથે અથડાયા બાદ રોડ પર ઊંધી થઈ ગઈ હતી, જેના કારણે તળાવની લોખંડની રેલિંગને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. આ ઘટનામાં કારચાલકને ઈજાઓ પહોંચતાં તેને તાત્કાલિક સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતના પગલે આસપાસના લોકો તેમજ ત્યાંથી પસાર થતાં વાહનચાલકોના ટોળાં ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. દરમિયાન ત્યાંથી પસાર થતી એક વ્યક્તિએ પલટી મારીને ઊંધી પડેલી કારનો વીડિયો પોતાના મોબાઈલમાં શૂટ કરી લીધો હતો, જે વીડિયો હાલ જામનગરના સોશિયલ મીડિયા ગ્રુપોમાં ભારે વાયરલ થઈ રહ્યો છે. આ બનાવ અંગે જાણ થતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માતનું ચોક્કસ કારણ અને કારની ઝડપ અંગે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં નવત્તર ઠગાઈઃ સીઆરસી કો-ઓર્ડીનેટર સાથે ૯.૮૫ લાખની ઠગાઈ

## એમ પરિવહન નામની એપીકે ફાઈલ ડાઉલોડ કરાવી ભેજાબાજોએ નાણા તફડાવી લીધા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સાયબર ઠગોએ નવી મોડસ ઓપરેન્ડી અપનાવીને સી.આર.સી. કોર્ડીનેટર તરીકે ફરજ બજાવતા યુવાનને નિશાન બનાવી રૂ. ૯.૮૫ લાખની ચુનો લગાવ્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના સમર્પણ સર્કલ નજીક રહેતા મહેશકુમાર મુરૂભાઈ ખવા નામના યુવાનના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી 'એમ-પરિવહન અડઊં' નામની ફાઈલ વોટ્સએપમાં મોકલવામાં આવી હતી. આ ફાઈલ ડાઉનલોડ કરાવ્યા બાદ સાયબર માફિયાઓએ તેમનો મોબાઈલ હેક કરી આ મોટી છેતરપિંડી આચરી હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

ઘટનાની વિગત મુજબ, ગત તા. ૭ જૂનના રોજ સાંજના સમયે ફરિયાદીના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો, જેમાં ચલણ ભરવા માટેની એમ-પરિવહન એપ્લિકેશન હોવાનું જણાતાં તેમણે ફાઈલ ઓપન કરી હતી. જોકે તે સમયે ચલણ ભરવાનો કોઈ વિકલ્પ ન દેખાતાં તેમણે એ બાબત પર બહુ ધ્યાન આપ્યું ન હતું. પરંતુ આ બોગસ અડઊં ફાઈલના માધ્યમથી ઠગબાજોએ તેમના ફોનનો એક્સેસ મેળવી લીધો હતો.

દરમિયાન તા. ૧ સપ્ટેમ્બરના રોજ સાંજના સમયે તેમના બેંક ઓફ બરોડાના ખાતામાંથી ટુકડે-ટુકડે નાણાં ઉપડવાના મેસેજ આવવાનું શરૂ થયું હતું. માત્ર થોડા જ સમયગાળામાં રૂ. ૯૯,૦૦૦, રૂ. ૪૫,૬૬૪, રૂ. ૫૨,૭૭૮, રૂ. ૪૩,૯૨૭ તેમજ રૂ. ૯૯,૯૯૯ સહિત કુલ ૧૬ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ખાતામાંથી રૂ. ૯.૮૫ લાખ ઉપડી ગયા હતા. અચાનક નાણાં ગાયબ થતાં યુવાને તુરંત ૧૯૩૦ સાયબર હેલ્પલાઈન પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયા નજીક રોયલ્ટી વગરનો રેતી ભરેલો ટ્રક ઝડપાયો




**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા - જામનગર હાઈવે પર રાત્રે રાત્રે ૬ કિલોમીટર દૂર ધરમપુર ટોલ ગેટ પાસે અહીંના પી.આઈ. સી.આર. રાણાની ટીમ દ્વારા કરવામાં આવેલી ચેકિંગ કાર્યવાહી દરમિયાન પોલીસે જી.જે. ૩૭ વી ૯૫૦૯ નંબરના એક ટાટા ટ્રક (ડમ્પર) ને મીઠી રેતી ભરીને નીકળતા ઝડપી લીધો હતો.

પોલીસ ચેકિંગ દરમિયાન આ ટ્રકમાં આશરે ૫૧,૩૮૦ કિલોગ્રામ મીઠી રેતી ભરેલી હોય, આ રેતીની કોઈપણ પ્રકારની રોયલ્ટી ન હોવાનું ખુલવા પામ્યું છે. જેથી પોલીસે

અનુ પાના નં.૨ પર

# પોલીસને પડકારના સદામ ૧૩ બાટલી દારૂ સાથે ઝડપાયો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરશહેરના શંકરટેકરી નવી નિશાળ પાસે કરીમભાઈ વેલ્ડિંગવાળાની ગલીમાં રહેતા સદામહુશેન આદમભાઈ ખીરાએ તાજેતરમાં દારૂના નશામાં એક વીડિયો બનાવી દારૂબંધીની અમલવારી મામલે બફાટ કર્યો હતો. શંકર ટેકરી વિસ્તારમાં જોઈએ તેટલો દારૂ મળે છે તેવી વાત કરી હતી. જે વીડિયો વાયરલ થયા બાદ પોલીસ દોડતી થઈ હતી અને તેના રહેણાંક મકાનેથી ૧૩ બોટલ દારૂ સાથે આરોપીને પકડી પાડ્યો હતો. કાયદાકીય કાર્યવાહી બાદ આરોપીને ભાન થતાં તેને પોલીસની માફી માંગતો વીડિયો વાયરલ કર્યો હતો. જેમાં પોતે દારૂના નશામાં હોવાથી આ પ્રકારનો વીડિયો વાયરલ કર્યો હોવાની કબૂલાત આપી માફી માંગી લીધી હતી.

# જામનગરના બેડેશ્વરમાં દિકરીને મારવાના મુદે સમજાવવા ગયેલ પિતા ઉપર હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના બેડેશ્વર આઝાદ ચોકમાં રહેતા ગુલામભાઈ આમદભાઈ કોરેજા (ઉ.વ.૪૦) એ નોંધાવેલી ફરિયાદ અનુસાર તેઓની દીકરી પોતાના નાનાભાઈને ડારો દેતી હોવાથી પાડોશમાં રહેતા આરોપીઓને એવું લાગ્યું કે ગાળો બોલે છે આથી પાડોશમાં રહેતા હુસેન હારૂન છેર, કાદર હનીફ છેર, નાસીર હનીફ છેર અને સુલતાન ગની છેર નામના ચાર શખ્સોએ તેને લાતો મારી હતી.

આથી ગુલામભાઈ દીકરીને શા માટે માર માર્યો તે અંગે પૂછવા ગયા હતા. તે સમયે હુસેન અને કાદર હાથમાં લાકડાના ધોકા લઈને ઉભા હતા અને દીકરી તેમના ઘર પાસે આવી ગાળો બોલતી હોવાનો આક્ષેપ કરી ગુલામભાઈ સાથે ગાળાગાળી તથા ઝઘડો કરવા લાગ્યા હતા. દરમિયાન નાસીર અને સુલતાન પણ આવી પહોંચતાં ચારેય સાથે ઝપાઝપી થઈ હતી.

ગુલામભાઈને છોડાવવા તેમના મોટાભાઈ આમીનભાઈ પણ વચ્ચે પડ્યા હતા. તે દરમિયાન હુસેન અથવા કાદરના હાથમાં રહેલો લાકડાનો ધોકો ગુલામભાઈના માથામાં વાગતાં લોહી નીકળ્યું હતું અને તેમને સારવાર માટે જી.જી.

અનુ પાના નં.૨ પર

# ૧૦ બોટલ દારૂ સાથે પરપ્રાંતિય શખ્સ ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર-રાજકોટ હાઈવે પર સરમરીયા દાદાના મંદિરથી ખારવા ગામ તરફ જતા માર્ગે દારૂના જથ્થા સાથે ઉભેલા મધ્યપ્રદેશના એક શખ્સને પોલીસે પકડી પાડી ૧૦ બોટલનો જથ્થો જપ્ત કર્યો હતો. ધ્રોલ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે જાયવા ગામના પાટીયા પાસે બાતમી મળી હતી કે સરમરીયા દાદાના મંદિરથી ખારવા ગામ તરફ જતા માર્ગે એક શખ્સ વિદેશી દારૂ સાથે ઉભો છે. જેના આધારે પોલીસે અલકેશ ઝેતર પચાયા (ઉં.વ.૪૦ રહે. પુજારા ફળિયું, ફટા છોટી ગામ, તાલુકો ભાભરા, જિલ્લો અલીરાજપુર)ને પકડી પાડી દારૂની ૧૦ બોટલ જપ્ત કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઓખાઃ પતિ સાથે સામાન્ય બોલાચાલી થયા બાદ પરપ્રાંતિય મહિલાએ આપઘાત કર્યો

**સમય સંદેશઃ ઓખા**

બિહાર રાજ્યના છપરા જિલ્લાના રિવિલગંજ ગામના મૂળ વતની અને હાલ ઓખામાં કોસ્ટગાર્ડ વિસ્તારમાં રહેતા મુસ્કાન કુમારી વિકાસ ભાસ્કર નામના ૨૯ વર્ષના મહિલા ગત તા. ૬ ના રોજ કોઈ બાબતે ગુસ્સામાં પોતાના ઘરે કંઈક બોલી રહ્યા હતા. જેથી તેમના પતિ વિકાસ ભાસ્કરે તેમને ઊંચા અવાજે શાંતિ રાખીને ખોટો ગુસ્સો ન કરવા બાબતે ઠપકો આપ્યો હતો. જે બાબત અંગે મુસ્કાન કુમારીને મનમાં લાગી આવતા તેમણે પોતાના રહેણાંક મકાનના રૂમમાં આવેલા પંખાના હુકમાં પોતાની ઓઢણી બાંધીને ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ કોસ્ટ ગાર્ડના કર્મચારી એવા મૃતકના પતિ વિકાસ ભાસ્કર બ્રહ્મદેવનારાયણ જ્ઞાની (ઉ.વ. ૩૨) એ ઓખા મરીન પોલીસને કરી છે.







જામનગરમાં જન્માષ્ટમી નિમિત્તે ખીજડા મંદિર દ્વારા શોભાયાત્રા નીકળી હતી જેમાં વિશાળ સંખ્યામાં ભકતગણ જોડાયા હતાં આ ઉપરાં દેવ પ્રસાદજી મહારાજના સાનિધ્યમાં દહી હાંડીનું પણ આયોજન કરાયું હતું જ્યારે જામનગરમાં મહાનગરપાલિકા દ્વારા પ્રદર્શન મેદાન ખાતે આયોજિત ૧૧ દિવસીય શ્રાવણી લોકમેળામાં સાતમથી દસમ સુધીના ૪ દિવસમાં જ ૫ લાખથી વધુ સહેલાણીઓ ઉમટી પડ્યા હતા, જ્યાં લોકોની સુવિધા માટે તંત્ર દ્વારા ૪.૨૦ લાખ લિટર પીવાનું પાણી પૂરું પાડવામાં આવ્યું હતું, જ્યારે સુરક્ષા માટે પ્રથમ વખત નાઈટ વિઝન ડ્રોન કેમેરા, ૧૦૦થી વધુ પોલીસ જવાનો, ગુમ થયેલા ૨૩ મોબાઈલ અને ૧૮ પર્સ શોધી આપનાર ટીમો તથા બાળકો માટે મોબાઈલ નંબરવાળી સ્પેશિયલ બેન્ડ-પટ્ટીની વ્યવસ્થા સાથે કડક બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો. આ ઉપરાંત, રાત્રિના ૧૨ થી સવારે ૮ વાગ્યા સુધી ૩૦ સફાઈકર્મીઓએ સતત મહેનત કરી મેદાન સ્વચ્છ રાખ્યું હતું અને શોભાયાત્રા તેમજ ધાર્મિક ઉત્સવો સાથે સમગ્ર તહેવાર શાંતિપૂર્ણ અને આનંદદાયક વાતાવરણમાં સંપન્ન થયો હતો. (વિશેષ અહેવાલ પાના નં.૩ ઉપર)

# ઈન્ડીયન બેંકના પટ્ટાવાળાએ કર્યુ કારસ્તાનઃ બેંક લોકરમાં નકલી દાગીના મુકી અસલી શેરવી લીધા

## અસલ દાગીના તફડાવ્યા બાદ વેંચવા જતા ભાંડો ફૂટયો : ૪૩ લાખના મુદામાલ સાથે બે શખ્સો ધરપકડ બાદ જેલ હવાલે

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં બેંકના લોકરમાં મુકેલા દાગીના પણ સલામત ન રહ્યા હોય તેમ એક બેંકના પટ્ટાવાળાએ લોકરમાંથી અસલી સોનાના દાગીના ચોરી કરી તેની જગ્યાએ નકલી (ઈમિટેશન) દાગીના ગોઠવી દેવાનું કારસ્તાન રચ્યું હતું. ગત તા. ૩ સપ્ટેમ્બરના રોજ વિજય આલાભાઇ વઘોરા નામનો શખ્સ માધવ પ્લાઝા વિસ્તારમાં બિલ વગરના સોનાના દાગીના વેચવા જતાં પોલીસે બાતમીના આધારે તેની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે, રણજીતસાગર રોડ પર આવેલી ઇન્ડિયન (અલ્હાબાદ) બેંકમાં પટ્ટાવાળા તરીકે ફરજ બજાવતા હસમુખ દિનેશભાઇ પારીયાએ લોકરમાંથી સોનાના દાગીના ચોરી કરી બદલામાં ઈમિટેશન દાગીના મૂકી દીધા હતા અને અસલી દાગીના રોકડી કરવા આપ્યા હતા.

આ સમગ્ર મામલે બેંક મેનેજરને જાણ કરી રૂ. ૩૯.૪૮ લાખના દાગીના ચોરીની સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને બેંકના પટ્ટાવાળા હસમુખ પારીયા અને દાગીના વેચવા નીકળેલા વિજય વઘોરાની અટકાયત કરી રિમાન્ડ મેળવ્યા હતા. તપાસ દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૪૦.૪૬ લાખની કિંમતના ૩૪૭.૦૯ ગ્રામ સોનાના દાગીના, રૂ. ૨.૬૦ લાખની રોકડ, મોબાઈલ અને ચાવીના ઝૂડા સહિત કુલ રૂ. ૪૩.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચાંદીબજારના વેપારીઓની પૂછપરછ કરીને પોલીસે વેચાઈ ગયેલા દાગીના પણ રિકવર કરી લીધા હતા, જ્યારે અન્ય એક સગીદાર રમેશ ભીમજીભાઇ પારીયા હાલ ફરાર હોય તેને શોધવા ચક્ર ગતિમાન કર્યા છે.




પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલા આરોપી વિજય વઘોરા સામે અગાઉ પણ જામનગર સિટી એ, સિટી સી, સલાયા, વલસાડ, પીપાવાવ, ખંભાળિયા અને રાજકોટના ભક્તિનગર પોલીસ મથકમાં પ્રોહિબિશન, ચોરી અને જુગાર સહિતના ૬ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. બેંકમાં લોકરના અસલી દાગીના સેરવી લેવાના આ ચકચારી કૌભાંડનો પર્દાફાશ કરી પોલીસે બંને મુખ્ય આરોપીઓને જેલહવાલે કરી દીધા છે અને ફરાર આરોપીને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# જન્માષ્ટમીના દર્શન કરી પરત ફરતા ત્રણ યુવકો અકસ્માતનો ભોગ બન્યાઃ બેની હાલત ગંભીર

## ઓખા-મઢી ટોલનાકા પાસે ઊભેલી કિયા કારમાં બાઈક ધડાકાભેર ઘૂસી ગયું

**સમય સંદેશઃ દ્વારકા**

જન્માષ્ટમીના પાવન પર્વે દ્વારકાધીશના દર્શન કરી પરત ફરી રહેલા ત્રણ યુવકોને ઓખા-મઢી ટોલનાકાથી આશરે ૫૦૦ મીટર દૂર કરુણ અકસ્માત નડ્યો હતો. દ્વારકા નજીક આવેલા ટોલનાકા માર્ગ પર એક કિયા કાર બંધ હાલતમાં ઊભી હતી, તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલું બાઈક કારના પાછળના ભાગમાં ધડાકાભેર અથડાઈને અંદર ઘૂસી ગયું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણેય યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.





બનાવની જાણ થતાં જ ઓખામઢી ટોલનાકાના મેનેજર પબુભા કજરા સહિતની ટોલ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને મદદરૂપ થવા ત્વરિત કામગીરી હાથ ધરી હતી. ટોલ ટીમ દ્વારા તાત્કાલિક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરીને ત્રણેય ઈજાગ્રસ્ત યુવકોને વધુ સારવાર અર્થે દ્વારકાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સમયસર મળેલી તબીબી મદદના કારણે ઈજાગ્રસ્તોને ત્વરિત સારવાર શરૂ કરી શકાઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર ત્રણેય યુવકો જન્માષ્ટમી નિમિત્તે દ્વારકાધીશના દર્શન કરવા આવ્યા હતા અને દર્શન પૂર્ણ કરીને પોતાના વતન તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. સારવાર હેઠળના યુવકો પૈકી બે યુવકોની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે જાણ થતાં દ્વારકાના પી.આઈ. એમ.જી. જાડેજા, પી.એસ.આઈ. પી.કે. ડાંગર તેમજ તેમની ટીમે ઘટનાસ્થળે પહોંચી અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગર શહેર-જિલ્લામાંથી જુગાર રમતા ૯ મહિલા સહિત ૪૭ પકડાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં જન્માષ્ટમીના તહેવાર દરમિયાન પોલીસે જુગારના આઠ દરોડા પાડી મોટી કાર્યવાહી કરી છે. કાલાવડ, મોટાવડિયા, બાઘલા તેમજ શહેરના દિગ્વિજય પ્લોટ-૫૪, માધાપર-ભુંગા અને ગોકુલનગર સહિતના વિસ્તારોમાં દરોડા દરમિયાન ૯ મહિલાઓ સહિત ૪૭ શખ્સોને ઝડપી લેવાયા હતા. જ્યારે ૨ શખ્સો નાસી છૂટ્યા હતા. પોલીસે રૂ. ૨.૬૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કાલાવડ ટાઉન પોલીસે કાશ્મીરપરા વિસ્તારમાં દરોડો પાડી મનશુખભાઇ પરમાર, ચંપાબેન ગોહેલ, નીરૂબેન દેલવાણીયા અને હુશેનભાઇ શેખને રૂ. ૪,૪૫૦ ની રોકડ સાથે પકડી પાડ્યા હતા. જયારે બીજા દરોડામાં આંબેડકરનગર વિસ્તારમાંથી નીકુંજભાઈ ચાવડા, મહેશભાઈ રાઠોડ, સાગરભાઇ શુકલ, કીરીટભાઈ શુકલ અને મનોજભાઈ શેખાને રૂ. ૪,૧૬૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

સિટી એ ડિવિઝન પોલીસે દિ.પ્લોટ-૫૪ માં વિશ્રામવાડી ચોક નજીક દરોડો પાડી રશ્મીબેન કટારમલ, મનિષાબેન ચાંદ્રા, હિમંતભાઇ કટારમલ, નીલમબેન મંગે, ભારતીબેન ગોરી અને જયેશભાઇ સેજપાલને રૂ. ૧૦,૧૯૦ ની રોકડ સાથે પકડી પાડ્યા હતા.

જામજોધપુર પોલીસે મોટાવડિયા ગામે જુગાર રમતા દેવાણંદભાઇ કરંગીયા, મનસુખભાઇ કરંગીયા, અશોકભાઇ બરડીયાવદરા અને નીતેષભાઇ ભાટીયાને રૂ. ૪,૫૮૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા. જ્યારે દરોડા દરમિયાન સંજયભાઇ કરંગીયા અને કીશોરભાઇ કરંગીયા નાસી ગયા હતા.

સિટી સી ડિવિઝન પોલીસે ગોકુલનગર વિસ્તારમાં દરોડો પાડી ઈમ્તિયાઝ પઠાણ, હરેશભાઈ ધંધુકિયા, રાજુભાઈ ઝિંઝુવાડીયા, રવિભાઈ રાઠોડ, હસુભાઈ ધંધુકિયા, વિશાભાઈ લુદરીયા, રવિનામાસી પાટડીયા, જયાબેન લુદરીયા, ભારતીબેન પાટડીયા અને પ્રિયાબેન મથરને ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ પરથી રૂ. ૪૭,૨૦૦ ની રોકડ, મોટરસાઇકલ અને મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૧,૨૭,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

લાલપુર પોલીસે બાઘલા ગામે મોટાપીરની દરગાહ પાસે જાહેરમાં જુગાર રમતા વીશાલભાઇ રૂપાપરા, રમેસભાઇ ભટ્ટી, બસીરભાઇ નાઇ, કરણાભાઇ ખાટરીયા, કારાભાઇ સમા, રઘુભાઇ બોસરીયા અને રહીમ નાઇને રૂ. ૧૬,૫૪૦ ની રોકડ સાથે પકડી પાડ્યા હતા.

સિટી સી ડિવિઝન પોલીસે સાતનાલા વિસ્તારની સદગુરૂ સોસાયટી હુશેની ચોકમાંથી દિલીપભાઇ સામનાણી, હબીબભાઇ બ્લોચ, ધર્મેશ ચૌહાણ, હુશેનભાઇ સમા, હશનભાઇ કુરેશી, રકિફભાઇ ખુરેશી અને ઇશાકભાઇ ગજણને રૂ. ૩૧,૫૦૦ ની રોકડ સાથે અટકાયત કરી હતી.

બેડી મરીન પોલીસે માધાપર-ભુંગા દિગ્વિજય સોલ્ટ વિસ્તારમાંથી શબીર સુંભણીયા, પ્રકાશ સોમાણી, અસલમ સંધાર અને મોસીન સેડાતને રૂ. ૧૫,૩૦૦ ની રોકડ અને મોટરસાઇકલ સહિત કુલ રૂ. ૬૫,૩૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

# ભારતમાલા હાઈવે પ્રોજેકટની સાઇટમાંથી જનરેટર ચોરી કર્યા બાદ પાર્ટ વેચવા જતા સગીર સહિત પાંચ પકડાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ-જોડીયા રોડ પર બનતા ભારતમાલા હાઇવે પરના આરસીસી રોડ બનાવવાના મશીનમાથી જનરેટરની ચોરી થઇ હતી. આરોપીઓએ મશીનના સ્પેરપાર્ટ અલગ કરી વેંચવાની પેરવીમાં હતા એ અગાઉ જ પોલીસે કાર્યવાહી કરી આ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે અને ચોરીમાં સંડોવાયેલા એક સગીર સહિત ૫ શખ્સોને રૂ.૭.૪૧ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા.

ધ્રોલ પંથકમાં તા.૦૩ સપ્ટેમ્બરની રાત્રીના સમયે ધ્રોલ-જોડીયા રોડ બિલેશ્વર મહાદેવના મંદિર પાસે બનતા ભારતમાલા હાઇવે રોડ ઉપર આરસીસી રોડ બનાવવાના




મશીનમાથી રૂ.૬ લાખની કિંમતના જનરેટરની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ હતી. જે સીસીટીવી કેમેરા તથા ટેકનીકલ તથા હુમન સોર્સથી ધ્રોલ પોલીસ તપાસમાં હતી

આ દરમિયાન આરોપીઓ એક બાઇક તથા એક છકડો રીક્ષા લઈને ભુચરીમોરી મેદાનની પાછળ આવેલા જેશલપીરની જગ્યા તરફથી ધ્રોલ તરફ આવતા હોવાની પોલીસને બાતમી મળતા સ્ટાફે ધ્રોલ શહિદવન પાસે વાહન રોકી આરોપી શબીર સલીમભાઇ કેર (ઉ.વ.૨૩ ધંધો મજુરી રહે-ચામુંડા પ્લોટ ધ્રોલ), ધનજી ભીખાભાઇ સોલંકી (રહે.ચામુંડા પ્લોટ, લતીપર ચોકડી પાસે, ધ્રોલ)

અનુ પાના નં.૨ પર

# સિક્કા નજીક ઓવરટેક કરવા મુદે બે કારચાલક વચ્ચે મારામારી

**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર તાલુકાના નવાગામ-નંબર ૯ વિસ્તારમાં રહેતા રાણસીભાઈ જેશાભાઈ હાથીયાએ આરોપી ક્રેટા કારના ચાલક અર્જુનસિંહ સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર તા.૫ સપ્ટેમ્બરના રોજ બપોરે રાણસીભાઈ હાથીયા પોતાની કાર લઈને મોટી ખાવડીથી સાપર ગામ તરફ જતા હતા તેમની સાથે ખાનગી કંપનીમાં કામ કરતા ચરણસિંગ, ગગસિંગ, શેરસિંગ અને ગૌરવકુમાર સહિતના પણ હતા આગળ જતાં મોટી ખાવડીથી નજીક પેટ્રોલ પંપની સામે રોડ પર આગળ ટ્રક જતો હોવાથી રાણસીભાઈએ અન્ય એક કારને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો.

જે વાત પસંદ ન આવતા ક્રેટા કારના ચાલક અર્જુનસિંહે પોતાની મોટર રાણસીભાઈની કારની નજીક લાવી ચાલુ કારે બોલાચાલી કરી સિક્કા પાટીયા પાસે આગળ જઈ બોલેરો પણ ઊભી રખાવી હતી. રાણસીભાઈ આરોપી અર્જુનસિંહ પાસે જતાં આરોપીએ બોલાચાલી કરી ધક્કો મારતાં રાણસીભાઈ બોલેરોની પાછળ લગાવેલા સ્પેર વ્હીલ સાથે અથડાયા હતા અને પીઠના ભાગે મુંઢ ઇજા થઈ હતી.

બાદમાં આરોપી અર્જુનસિંહે ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. મારામારી દરમિયાન ફરિયાદીએ ગળામાં પહેરેલી સોનાની ચેન તૂટીને ક્યાંક પડી ગઈ હોવાનું પણ નોંધાયુ છે. આ બનાવ અંગે પોલીસે અર્જુનસિંહ સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના ગોકુલનગરમાં જુગારધામ પરથી ૪ મહિલાઓ સહિત ૧૦ ઝબ્બે, રૂપિયા ૧.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત





**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં દારૂ અને જુગારની પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા આપાયેલી સૂચનાના આધારે સ્થાનિક ગુના શોધન શાખા (ક્રઈઇ) ની ટીમે શહેરના ગોકુલનગર વિસ્તારમાં એક સફળ દરોડો પાડ્યો છે. એલસીબી સ્ટાફના ક્રિપાલસિંહ જાડેજા અને ભયપાલસિંહ જાડેજાને મળેલી ખાનગી બાતમીના આધારે ગોકુલનગર શેરી નંબર ૩-૪, રમેશ હાર્ડવેર વાળી શેરીમાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલાં ૪ મહિલાઓ અને ૬ પુરુષો મળી કુલ ૧૦ શખ્સોને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા.

પોલીસે ઘટનાસ્થળેથી રૂ. ૪૭,૨૦૦ ની રોકડ રકમ, ગંજીપત્તાના પાના, રૂ. ૬૦,૦૦૦ ની કિંમતનું એક મોટરસાયકલ અને રૂ. ૨૦,૫૦૦ ની કિંમતના ૫ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧,૨૭,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પકડાયેલા આરોપીઓમાં ઈમ્તિયાઝ પઠાણ, હરેશભાઈ ધંધુકિયા, રાજુભાઈ ઝિંઝુવાડીયા, રવિભાઈ રાઠોડ, હસુભાઈ ધંધુકિયા, વિશાભાઈ લુદરીયા, રવિનામાસી પાટડીયા, જયાબેન લુદરીયા, ભારતીબેન પાટડીયા અને પ્રિયાબેન મથરનો સમાવેશ થાય છે. એલસીબીની ટીમે તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લોન કરાવી આપવાના બહાને બે વ્યકિતના બેંક ખાતા ખોલી સાયબર ફ્રોડના દોઢ કરોડની હેરાફેરી

## શ્રમિક યુવાનને તેના ભાઇ-ભાભીના ડોકયુમેન્ટ લઇ ભેજાબાજે કર્ણાટક બેંકના કર્મચારી સાથે મળીને કારસ્તાનને આપ્યો અંજામ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં લોન કરાવી આપવાના બહાને ચાર ચોપડી ભણેલા શ્રમિક યુવાન અને તેના પરિવારના દસ્તાવેજો તથા સહીઓ મેળવી લઇ કર્ણાટકા બેંકના કર્મચારી સાથે સંપીને આશરે રૂ. ૧.૫૦ કરોડનું મોટું સાયબર કૌભાંડ આચર્યાની ચોંકાવનારી ફરિયાદ નોંધાઈ છે. શહેરના માધાપર-ભુંગા વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા અસલમ દાઉદભાઇ ભગાડ નામના યુવાનને નાણાંની જરૂરિયાત હોવાથી તેમણે હોટલ માલિક અસગરનો સંપર્ક કર્યો હતો. અસગરે પોતાના મિત્ર ફૈજલ સાથે મુલાકાત કરાવી હતી, જેના કહેવાથી અસલમ પોતાના ભાઈ અકરમ અને ભાભી સાથે કુબેર એવેન્યુ ખાતે આવેલી કર્ણાટકા બેંકની શાખામાં ગયા હતા. જ્યાં બેંક કર્મચારી રઘુએ લોનના બહાને દસ્તાવેજો લઇ વિવિધ ફોર્મમાં સહીઓ કરાવી લીધી હતી અને બે સિમકાર્ડ મેળવી લીધા હતા. બાદમાં સિવિલ સ્કોર ખરાબ હોવાનું કહી લોન નાકામ રહી હોવાનું જણાવાયું હતું.

જોકે, આરોપીઓએ અસલમ અને તેના પરિવારજનોની અજાણતામાં જ બેંકમાં 'સ્ટાર મોબાઈલ' અને 'સહારા મોબાઈલ' જેવા નામોથી બોગસ બેંક એકાઉન્ટ ખોલાવી દીધા હતા. આ એકાઉન્ટ્સમાં તા. ૨૦/૦૫/૨૦૨૫ થી તા. ૦૮/૦૮/૨૦૨૫ દરમિયાન સાયબર ફ્રોડના રૂ. ૧.૫૦ કરોડના નાણાંની મોટા પાયે હેરાફેરી કરવામાં આવી હતી. આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ફેબ્રુઆરી ૨૦૨૬માં છત્તીસગઢની બચેલી પોલીસ સાયબર ફ્રોડના ગુના સંદર્ભે જામનગર આવી ફરિયાદીના ભાઈ અકરમની અટકાયત કરી ગઈ હતી. આ બનાવથી પોતાના ડોક્યુમેન્ટ્સનો દુરુપયોગ થયાનું ભાન થતાં અસલમે પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે હોટલ માલિક અસગર ચમડીયા, ફૈજલ ખફી અને બેંક કર્મચારી રઘુ સામે ગુનો નોંધી ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com